કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત

# ડિપ્લોમા ઈન એનીમલ હસ્બન્ડરી

## અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેની

# માહિતી પુસ્તિકા - ૨૦૧૭-૧૮

KAMDHENU UNIVERSITY

सर्वभूतहिते रताः

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર

Website : www.ku-guj.org



## પ્રવેશ માટે અગત્યની સૂચનાઓ

- તમામ પોલીટેકનીકમાં પ્રવેશ માટે માત્ર એક જ ફોર્મ ભરવાનું રહેશે.
- પ્રવેશ ફોર્મ ભરતાં પહેલાં ઉમેદવારોએ પ્રવેશ માટેની આ માહિતી પુસ્તિકા બરાબર વાંચવી.
- ગમે ત્યારે યુનિવર્સિટીને ધ્યાને આવશે કે, ઉમેદવારના પ્રમાણપત્રો ખોટા છે અથવા ઉમેદવાર પ્રવેશ માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતો નથી, તો તેનો પ્રવેશ રદ થશે અને ફી જપ્ત થશે. તથા જરૂર જણાયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- યુનિવર્સિટી દ્વારા પ્રવેશ અંગે પ્રવાસ ભથ્થું કે અન્ય કોઈપણ પ્રકારનો ખર્ચ ચૂકવવામાં આવશે નહી.
- આ પુસ્તિકામાં આપેલ માહિતી ફક્ત માર્ગદર્શન માટે છે, જેનો ઉપયોગ કાયદાકીય દસ્તાવેજ તરીકે કરી શકાશે નહિ.

**: સંપર્ક :**

| ક્રમ | યુનિવર્સિટી | હોદ્દો | ફોન નંબર/ઈ-મેઈલ |
|---|---|---|---|
| ૧ | કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર | મદદનીશ કુલસચિવ (એકેડ) | ૦૭૯-૬૫૭૨૬૬૬૮<br>asst.registrar@ku-guj.com |

કિંમત રૂપીયા ૨૦/-

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજ નંબર |
|---|---|---|
| ૧ | ડિપ્લોમા ઈન એનીમલ હસબન્ડરી અભ્યાસક્રમ ચલાવતી પોલીટેકનીક સંસ્થાઓની યાદી | ૩ |
| ૨ | પ્રવેશ માટેના હેલ્પ સેન્ટર | ૩ |
| ૩ | પ્રવેશ ક્ષમતા | ૩ |
| ૪ | પ્રવેશ લાયકાત | ૪ |
| ૫ | અનામત બેઠકો | ૬ |
| ૬ | મેરીટ લિસ્ટ | ૮ |
| ૭ | પ્રવેશ | ૯ |
| ૮ | પોલીટેકનીક ખાતે હાજર થવા અંગે | ૯ |
| ૯ | ફીનું ધોરણ | ૧૧ |
| ૧૦ | ફી જપ્તી અને પ્રવેશ યાદીમાંથી નામ રદ થવું | ૧૪ |
| ૧૧ | અભ્યાસક્રમની સામાન્ય માહિતી | ૧૪ |
| ૧૨ | એન્ટિ રેગીંગ | ૧૪ |
| ૧૩ | વિદ્યાર્થીનીઓને હેરાનગતી બાબત | ૧૫ |
| ૧૪ | ડિસ્કલેમર | ૧૫ |
| ૧૫ | પ્રવેશ ક્ષમતા (કેટેગરી પ્રમાણે) | ૧૬ |

**અભ્યાસક્રમ : ડિપ્લોમા ઇન એનીમલ હસબન્ડરી**

**૧.૦ પોલીટેકનીક સંસ્થાઓની યાદી :**

| ક્રમ | પોલીટેકનીક | દરજ્જો | ફોન નંબર |
|---|---|---|---|
| ૧ | પોલીટેકનીક ઇન એનીમલ હસ્બન્ડરી, રાજપુર (નવા), હિંમતનગર, જી.સાબરકાંઠા-૩૮૩૦૧૦ | અંગભૂત | ૦૨૭૭૨-૨૨૧૧૯૧ |
| ૨ | પોલીટેકનીક ઇન એનીમલ હસ્બન્ડરી, મુ.ખડસલી, તા.સાવરકુંડલા, જી.અમરેલી-૩૬૪૫૩૦ | સંલગ્ન | ૦૨૮૪૫-૨૫૨૦૧૦ |
| ૩ | રિધ્ધી પોલીટેકનીક ઇન એનીમલ હસ્બન્ડરી, મોતીપુરા, હિંમતનગર, જી.સાબરકાંઠા-૩૮૩૦૧૦ | સંલગ્ન | ૦૨૭૭૨-૨૨૯૯૭૨ |
| ૪ | કેશવમ પોલીટેકનીક ઇન એનીમલ હસ્બન્ડરી, મુ.છાપી, તા.ઇડર, જી.સાબરકાંઠા-૩૮૨૦૨૩ | સંલગ્ન | ૦૨૭૭૮-૨૫૯૨૬૫/૬૬૫ |
| ૫ | વૃંદાવન પોલીટેકનીક ઇન એનીમલ હસ્બન્ડરી, અશ્વમેઘ કોમ્પ્લેક્ષ, મુ.જસદણ, જી.રાજકોટ-૩૬૦૦૫૦ | સંલગ્ન | ૯૦૬૭૬૫૭૮૨૨ |
| ૬ | નવસર્જન પોલીટેકનીક ઇન એનીમલ હસ્બન્ડરી, મુ.રણછોડપુરા, દેવપુરા, તા.વિજાપુર, જી.મહેસાણા-૩૮૨૮૭૦ | સંલગ્ન | ૦૨૭૬૩-૨૯૨૩૧૫ |
| ૭ | જી.વી.એમ.પોલીટેકનીક ઇન એનીમલ હસ્બન્ડરી, મુ.અણીયાદ, તા.શહેરા, જી.પંચમહાલ-૩૮૯૨૧૦ | સંલગ્ન | ૯૯૭૯૦૩૩૪૪૪ |
| ૮ | નોબલ પોલીટેકનીક ઇન એનીમલ હસ્બન્ડરી, ભેસાણ-બામણગામ રોડ, જી.જૂનાગઢ-૩૬૨૩૧૦ | સંલગ્ન | ૦૨૮૫-૨૬૮૦૨૩૩ |

*** તમામ સંલગ્ન પોલીટેકનીકના વર્ષ ૨૦૧૭-૧૮ના કામચલાઉ પુનઃજોડાણ માટેની માન્યતાની શરતે**

**૨.૦ પ્રવેશ માટેનાં હેલ્પ સેન્ટર :**

| ક્રમ | કોલેજ / પોલીટેકનીક | સંપર્ક |
|---|---|---|
| ૧ | કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગીભવન, બ્લોક-૧, વિંગ-બી૧, ચોથો માળ, સેકટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ | ૦૭૯-૬૫૭૨૬૬૬૮ |
| ૨ | કોલેજ ઓફ ડેરી સાયન્સ, બાલભવન સામે, લાઈબ્રેરી રોડ, કામધેનુ યુનિવર્સિટી, અમરેલી- ૩૬૫૬૦૧ | ૦૨૬૯૨-૨૨૯૪૫૬ |
| ૩ | પોલીટેકનીક ઇન એનીમલ હસ્બન્ડરી, મુ.રાજપુર (નવા), તા.હિંમતનગર, જી.સાબરકાંઠા-૩૮૩૦૧૦ | ૦૨૭૭૨-૨૨૧૧૯૧ |

*** હેલ્પ સેન્ટર તા. ૧૫-૦૬-૨૦૧૭ થી તા. ૩૦-૦૬-૨૦૧૭ સુધી ચાલુ રહેશે.**

**નોંધ :** હેલ્પ સેન્ટર રજાના દિવસો સિવાય સવારે ૯.૩૦ થી સાંજે ૧૭.૩૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે.

**૩.૦ પ્રવેશ ક્ષમતા :**

(૧) દરેક પોલીટેકનીકમાં દર વર્ષે ૫૦ ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવે છે.

(૨) દરેક પોલીટેકનીકમાં ભાઈઓ અને બહેનો બન્નેને પ્રવેશ આપવામાં આવે છે.

(૩) ઉપરોક્ત પ્રવેશ ક્ષમતા ઉપરાંત વધારાની એક બેઠક માત્ર ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો માટે અનામત રહેશે.(૫.૭)

(૪) પ્રવેશ માટે ગુજરાત બોર્ડ અને અન્ય બોર્ડમાંથી પાસ થયેલ વિદ્યાર્થીઓની બેઠકોની વહેંચણી "પ્રો- રેટા" બેઈઝ પર અથવા પોલીટેકનીક અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની કેન્દ્રિય પ્રવેશ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવે તે મુજબ.

**૪.૦ પ્રવેશ લાયકાત :**

**૪.૧ શૈક્ષણિક લાયકાત :**

| | | | |
|---|---|---|---|
| (૧) | પ્રવેશ માટે ઉમેદવારે નીચેના બોર્ડમાંથી ધો.૧૦ (SSC)ની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પાસ કરેલી હોવી જોઈએ. | | |
| | (i) | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા | |
| | (ii) | અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડ જેવા કે, સેન્ટ્રલ બોર્ડ, કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કુલ ઓફ સર્ટીફીકેટ એક્ઝામીનેશન, નવી દિલ્લી, નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલિંગ, આતંરરાષ્ટ્રીય શાળા, મહારાષ્ટ્ર રાજ્ય શિક્ષણ બોર્ડ વગેરે. | |
| | | (i) | ઉમેદવાર જે શાળામાં ભણ્યો હોય તે શાળા ગુજરાત રાજ્યમાં આવેલ હોવી જોઈએ, અથવા |
| | | (ii) | ઉમેદવાર જે શાળામાં ભણ્યો હોય તે શાળા દિવ, દમણ અને દાદરા અને નગર હવેલીમાં આવેલી હોય અને ઉમેદવારના માતા-પિતા ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોવા જોઈએ. |
| | | (iii) | ઉમેદવાર ગુજરાત રાજયના નિઝર તાલુકાનો રહેવાસી હોય અને મહારાષ્ટ્ર બોર્ડમાંથી પરીક્ષા પાસ કરેલ હોય. |
| (૨) | ઉપરોકત ક્રમાંક (૧) મુજબ ઉમેદવારે પરીક્ષા પાસ કરેલ હોય અને | | |
| | (I) | તેના માતા-પિતા નીચે દર્શાવેલ કેટેગરીમાં નોકરી કરતા હોય, અને | |
| | (II) | તેના માતા-પિતાની બદલી ગુજરાત રાજયમાં થઇ હોય અને રજીસ્ટ્રેશન સુધીમાં ફરજ પર હાજર થઇ ગયા હોય અને ત્યાં (રજીસ્ટ્રેશન) સુધી ફરજ પર રહેવાના હોય તેઓ પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેમનો સમાવેશ મેરીટ-લીસ્ટમાં કરવામાં આવશે. | |
| | **નોકરીની કેટેગરી** | | |
| | (a) | કેન્દ્ર સરકારના અધિકારી / કર્મચારી, અથવા | |
| | (b) | કેન્દ્ર સરકારના અને રાજ્ય સરકારના જાહેર સાહસોના અધિકારી / કર્મચારી, અથવા | |
| | (c) | રાષ્ટ્રીયકૃત બેંકના અધિકારી / કર્મચારી, અથવા | |
| | (d) | ગુજરાત રાજયમાં આવેલ UNO / UNICEF / WHO જેવી આતંરરાષ્ટ્રીય સંસ્થાઓના અધિકારી / કર્મચારી, અથવા | |
| | (e) | ગુજરાત કેડરના ભારતીય સનદી સેવા, ભારતીય પોલીસ સેવા, ભારતીય જંગલ સેવાના અધિકારી / કર્મચારી કે જેઓ ગુજરાત રાજયમાં કે ગુજરાત રાજય બહાર ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે, અથવા | |
| | (f) | ગુજરાત રાજય સરકારના અધિકારી/કર્મચારી કે જેઓ વહીવટી કારણોસર ગુજરાત રાજય બહાર ફરજ બજાવે છે. | |

| (૩) | જે ઉમેદવારે | |
|---|---|---|
| | (I) | ગુજરાત રાજ્યમાં આવેલી કોઈપણ જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ-૮ સુધી અભ્યાસ કરેલ હોય અને |
| | (II) | ત્યારબાદ અન્ય રાજ્યમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત જ અભ્યાસ કરેલ હોય અને |
| | (III) | ગુજરાત સિવાયના રાજ્યમાં આવેલ નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ-૧૦ ની પરીક્ષા પાસ કરેલ હોય. |
| | **નોંધ :** 'જવાહર નવોદય વિદ્યાલય' યોજના એટલે કે, જવાહર નવોદય વિદ્યાલય યોજના કે જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૧૯૮૫-૮૬ દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ અંતર્ગત ચાલતી નવોદય વિદ્યાલય સમિતિ (સ્વાયત્ત સંસ્થા) દ્વારા સંચાલિત છે. | |

### ૪.૨ પ્રવેશ માટે જરૂરી લાયકાતઃ

૧. પોલીટેકનીકમાં ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે SSC (ધોરણ-૧૦)ની પરીક્ષામાં ગુજરાતી/પ્રાદેશિક ભાષા, ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેક્નોલોજી, સામાજિક વિજ્ઞાન / સમાજવિદ્યા અને અંગ્રેજી (ફરજિયાત) વિષયોના ગુણના ઓછામાં-ઓછા નીચેના ટેબલમાં દર્શાવ્યા પ્રમાણેના ટકા મેળવેલ હોવા જોઈએ.

| **ક્રમ** | **વિગત** | **પાંચ વિષયના ટકા**** |
|---|---|---|
| ૧. | અનુસુચિત જાતિના અરજદારો માટે | ૪૦% |
| ૨. | અનુસુચિત જનજાતિના અરજદારો માટે | ૩૫% |
| ૩. | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના અરજદારો માટે | ૪૦% |
| ૪. | અન્ય ઉમેદવારો માટે | ૪૫% |

** ગુજરાતી/પ્રાદેશિક ભાષા, ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેક્નોલોજી, સામાજિક વિજ્ઞાન / સમાજવિદ્યા અને અંગ્રેજી

૨. ત્રણથી વધુ ટ્રાયલથી પાસ થયેલા વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે નહી.

૩. પ્રત્યેક ટ્રાયલના ત્રણ ટકા ગુણ મેળવેલા ગુણમાંથી બાદ કરી મેરીટમાં સ્થાન આપવામાં આવશે.

### ૪.૩ વધારાના ગુણ (ભારાંક) :

રમત - ગમતમાં ભાગ લીધેલ ઉમેદવારને નીચે મુજબ વધારાના માર્ક આપવામાં આવે છે :

| **ક્રમ** | **સ્પર્ધા** | | **(વધારાના ટકા)** |
|---|---|---|---|
| (I) | આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | | ૭.૦% |
| (II) | રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | | ૧.૦ % |
| | (i) | પ્રથમ ક્રમાંક મેળવેલ હોય તો | ૫.૦ % |
| | (ii) | દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૩.૦ % |
| | (iii) | તૃતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૨.૦% |

| | | | |
|---|---|---|---|
| (III) | રાજ્ય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | | - |
| | (i) | પ્રથમ ક્રમાંક મેળવેલ હોય તો | ૧.૦ % |
| | (ii) | દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૦.૫ % |

**નોંધ :** અરજદારને યુનિવર્સિટીમાં તેના અભ્યાસકાળ દરમ્યાન એક જ વખત (મહત્તમ) આ લાભ મળશે.

**૪.૪ પૂરક પરીક્ષા**

જે ઉમેદવારે SSC (ધોરણ-૧૦)ની પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ પૂરક પરીક્ષા ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધીમાં પાસ કરી હશે તેઓ ઓનલાઈન અરજી કરી શકશે.

**૪.૫ ગુણ સુધારણા**

ઉમેદવારના ગુણમાં રિચેકિંગ દરમ્યાન ફેરફાર થયો હોય તેમણે તે મતલબનો સંબંધિત અધિકારીનો પત્ર અથવા માર્કશીટ તેમને મળ્યા બાદ ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધીમાં પોતાની રીતે હેલ્પ સેન્ટર પર જઈ સુધારો કરાવી લેવાનો રહેશે.

**૪.૬ ઉંમર :**

પોલીટેકનીક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે ચાલુ વર્ષની ૩૧મી ડિસેમ્બરે ઓછામાં ઓછા ૧૫ વર્ષ પૂરા કરેલા હોવા જોઈએ તથા મહત્તમ ૨૫ વર્ષ હોવા જોઈએ.

**૫.૦ અનામત બેઠકો :**

**૫.૧** જુદી જુદી કેટેગરી માટેની અનામત બેઠકોનું પ્રમાણ રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નક્કી થયા મુજબનું રહેશે. હાલ પ્રવેશ માટે મૂળ ગુજરાત રાજ્યના નીચેની કેટેગરીમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે તેની સામે દર્શાવેલ ટકાવારી મુજબ બેઠકો અનામત રહેશે.

| **ક્રમ** | **કેટેગરી** | **અનામત બેઠકો(%)** | **નોંધ** |
|---|---|---|---|
| ૧ | અનુસુચિત જાતિ (SC) | ૦૭ | આ જાતિઓની અનામત બેઠકો એકબીજામાં તબદીલ થઈ શકશે |
| ૨ | અનુસુચિત જનજાતિ (ST) | ૧૫ | |
| ૩ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને "ક્રિમીલેયર ગ્રુપમાં સમાવિષ્ટ થતાં નથી" તેવા ઉમેદવારો (SEBC) | ૨૭ | ગુજરાત સરકાર દ્વારા માન્ય જાતિઓને લાગુ પડશે |
| ૪ | દિવ્યાંગ ઉમેદવારો (PC) | ૦૫ | પ્રવેશ મેળવેલ ઉમેદવારની જાતિ અનુરૂપ જે તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે |
| ૫ | સેનાના કર્મચારી/સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો (DP) | ૦૧ | – |
| ૬ | પારસી જાતિના ઉમેદવારો | ૦૧ બેઠક | વધારાની બેઠક |
| યુનિવર્સિટી દ્વારા આ નિયમોમાં દર્શાવેલ ટકાવારી કરતાં વધારાના ઉમેદવારોને પ્રવેશ આપી શકાશે નહી કે તેની લાયકાતમાં છૂટછાટ આપી શકાશે નહી. | | | |

**૫.૨ અનામત બેઠકો માટે સામાન્ય શરતો :**

(૧) અનામત બેઠકો ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે જે-તે પછાતવર્ગનું / કેટેગરીનું સક્ષમ અધિકારીના સહી સિક્કાવાળું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૨) જો કોઈ ઉમેદવાર અનામત બેઠક પર પ્રવેશ માટે જરૂરી જાતિ / કેટેગરી અંગેનું અસલ પ્રમાણપત્ર હેલ્પ સેન્ટર ખાતે ચકાસણી સમયે અને પોલીટેકનીક ખાતે રીપોર્ટીંગ / રજીસ્ટ્રેશન સમયે ખરાઈ કરવા માટે રજૂ કરી શકશે નહી અથવા ખોટું માલુમ પડશે, તો તેવા ઉમેદવારને અનામત કેટેગરીમાં પ્રવેશ મળી શકશે નહી અને જો પ્રવેશ મળી ગયો હશે તો તે જે-તે સમયે રદ કરવામાં આવશે.

(૩) જો કોઈ અનામત કેટેગરીનો ઉમેદવાર તેના મેરીટના ધોરણે તેની પસંદગીની જગ્યાએ બિન-અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવી શકતો હોય તો તેને બિન-અનામત કેટેગરીમાં પ્રવેશ આપવામાં આવશે.

(૪) અનામત કેટેગરી અથવા અન્ય કોઇપણ પ્રકારનો લાભ મેળવતા ઉમેદવારને ઓછામાં ઓછી લાયકાતમાં એક કરતા વધારે પ્રકારની છૂટછાટ મળી શકશે નહી.

(૫) અનામત કેટેગરીના યોગ્યતા ધરાવતા તમામ ઉમેદવારોને જે-તે કેટેગરીમાં પ્રવેશ આપ્યા બાદ અનામત બેઠકો ખાલી રહે તો (પારસી જાતિની બેઠકો સિવાયની) ખાલી બેઠકો બિન-અનામત કેટેગરીમાં તબદીલ કરવામાં આવશે.

**૫.૩ અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત બેઠકો :**

(૧) આ બન્ને જાતિના ગ્રુપ માટે કુલ ૨૨% બેઠકો અનામત રહેશે. જે પૈકીની ૭% બેઠકો અનુસુચિત જાતિના ઉમેદવારો માટે અને બાકીની ૧૫% બેઠકો અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત રહેશે.

(૨) આ બન્ને પછાતવર્ગની કોઈપણ એક કેટેગરીમાં અનામત બેઠક કરતાં ઓછા ઉમેદવાર હોય તો બીજી કેટેગરીની અનામત બેઠકમાં તબદીલ થશે. અર્થાત અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિની બેઠકો એકબીજામાં તબદીલ થઈ શકશે. તેમ છતાં જો કોઇ બેઠકો ખાલી રહેતી હોય તો તેને બિન-અનામત કેટેગરીમાં તબદીલ કરવામાં આવશે.

**૫.૪ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારો માટે અનામત બેઠકો :**

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારો માટે રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો પ્રમાણે ૨૭% બેઠકો અનામત રહેશે.

(૨) સા.શૈ.પ.વ. ના ઉમેદવારે "ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ થતાં નથી" તે મતલબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ) રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવાનો છે તે વર્ષની તા. ૧/૪/૨૦૧૭ અથવા માન્ય મુદતનું હોવું જોઈએ અન્યથા તેઓને સા.શૈ.પ.વ.ની અનામત બેઠક પર પ્રવેશ મળી શકશે નહી. (ગુજરાત રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તારીખ ૨૬/૪/૨૦૧૬ની જોગવાઈ મુજબ).

**૫.૫ દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત બેઠકો :**

ગુજરાત રાજ્યના દિવ્યાંગ ઉમેદવારો માટે ૫% બેઠકો અનામત રાખવામાં આવેલ છે. જે - તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે. તેમજ નીચેની શરતોને આધિન રહેશે.

(૧) આ બેઠકો પર ઓર્થોપેડિક, દ્રષ્ટિ અને શ્રવણની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો પ્રવેશ માટે અરજી કરી શકશે.

(૨) એક પગ અને હાથ (Partial) ની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવાર તેમની બેઠકો પર પ્રવેશ મેળવવા અરજી કરી શકશે. જોકે આવા દિવ્યાંગ ઉમેદવારે તે પોતે જે - તે અભ્યાસક્રમમાં ભણવા માટે અને તેના પ્રાયોગિક કાર્યો / ફીલ્ડવર્ક કરવા માટે સક્ષમ છે, તે મતલબનું જે-તે વિભાગના નિષ્ણાત ડોકટરોના અભિપ્રાયના આધારે સરકારી હોસ્પીટલના સિવિલ

સર્જન / મેડિકલ સુપ્રીટેન્ડન્ટ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. પ્રવેશ દિવ્યાંગ કેટેગરીના મેરીટના આધારે આપવામાં આવશે.

(૩) દિવ્યાંગ ઉમેદવાર તેની કેટેગરી માટે જરૂરી ન્યુનત્તમ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

(૪) દિવ્યાંગ કેટેગરીના ઉમેદવારનો પ્રવેશ અંગેનો આખરી નિર્ણય જે - તે કોર્સમાં તે પ્રાયોગિક કાર્ય / ઈન પ્લાન્ટ ટ્રેનિંગ વગેરે કરી શકશે કે કેમ તેના આધારે આચાર્ય/પ્રવેશ સમિતિ રૂબરૂમાં લેશે.

**૫.૬ સેનાના કર્મચારી/સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો માટે અનામત બેઠકો :**

(૧) સેનાના કર્મચારી અથવા સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો માટે ૧% બેઠકો અનામત રાખવામાં આવેલ છે.

(૨) સેનાના અથવા સેના નિવૃત્ત કર્મચારીના બાળકો માટેની અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ ડાયરેક્ટર, સૈનિક વેલ્ફેર બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક વેલ્ફેર ઓફીસરનાં જરૂરી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે સેનામાં ફરજ બજાવતા કર્મચારીઓએ જે યુનિટમાં ફરજ બજાવતા હોય તેના કમાન્ડીગ ઓફીસનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી એસએસસી (SSC) પરીક્ષા પાસ કરેલ સેનાના કર્મચારી/સેના નિવૃત્ત કર્મચારીના સંતાનોને તેઓની અનામત બેઠક પર પ્રવેશ આપ્યા બાદ જો કોઇ બેઠકો ખાલી રહે તો તેના પર ગુજરાતનાં અન્ય બોર્ડમાંથી એસએસસી (SSC) પાસ કરનાર સેનાના કર્મચારી / સેના નિવૃત કર્મચારીનાં સંતાનોને પ્રવેશ આપવામાં આવશે. તેમ છતાં જો આ અનામત બેઠકો ખાલી રહે તો તેના પર બિન-અનામત કેટેગરીના ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે.

(૪) ઉમેદવાર સેનામાં કાર્યરત કર્મચારી/સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો માટેની અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવાર મૂળ ગુજરાત રાજ્યનો વતની હોવો જોઈએ અને તેણે ધો. ૧૦ (SSC)ની પરીક્ષા ગુજરાત રાજ્ય સ્થિત શાળામાંથી પાસ કરેલ હોવી જોઈએ.

**૫.૭ પારસી જાતિના ઉમેદવારો માટે અનામત બેઠકો :**

(૧) માત્ર ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો માટે એક વધારાની બેઠક અનામત રહેશે. જે અન્ય ઉમેદવારો માટે તબદીલ થઇ શકશે નહી.

(૨) આ અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે પારસી જાતિના હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (દા.ત. પારસી પંચાયત, કલેક્ટર) રજૂ કરવાનું રહેશે.

**૬.૦ મેરીટ લિસ્ટ :**

| **ક્રમ** | **વિગત** | |
|---|---|---|
| ૧. | SSC (ધોરણ-૧૦)ની પરીક્ષામાં ગુજરાતી/ પ્રાદેશિક ભાષા, ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેક્નોલોજી, સામાજિક વિજ્ઞાન / સમાજવિદ્યા અને અંગ્રેજી એમ પાંચ વિષયમાં મેળવેલ ગુણ અને વધારાના મળવાપાત્ર ગુણ, જો લાગુ પડતા હોય તો ફરજીયાત નીચે પ્રમાણે અલગ-અલગ મેરીટ લીસ્ટ બનાવવામાં આવશે. | |
| ૨. | I | ગુજરાત બોર્ડમાંથી SSC પરીક્ષા પાસ કરનાર અરજદારોનું મેરીટ લિસ્ટ. અનામત કેટેગરીના અરજદારોનું કેટેગરી વાઈઝ મેરીટ લિસ્ટ અલગથી બનાવવામાં આવશે. (પ્રથમ મેરીટ લિસ્ટ) |

| | | |
|---|---|---|
| | II | કેન્દ્રિય અને અન્ય બોર્ડમાંથી SSC પરીક્ષા પાસ કરનાર અરજદારોનું મેરીટ લિસ્ટ. અનામત કેટેગરીના અરજદારોનું કેટેગરી વાઈઝ મેરીટ લિસ્ટ અલગથી બનાવવામાં આવશે. (દ્વિતીય મેરીટ લિસ્ટ) |
| | III | કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કુલ ઓફ સર્ટીફીકેટ એકઝામીનેશન, નવી દિલ્હી અથવા નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલિંગ અથવા ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડમાંથી ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોનું મેરીટ લિસ્ટ (તૃતીય મેરીટ લિસ્ટ). તે પૈકીના અનામત કેટેગરીના અરજદારોનું (કેટેગરી વાઈઝ) મેરીટ લિસ્ટ અલગથી બનાવવામાં આવશે. |
| | **સ્પષ્ટતા :** | |
| | ઉપરોકત ક્રમાંક (I), (II) અને (III)ના બોર્ડમાંથી પાસ થયેલ ઉમેદવારો માટેની બેઠકોની વહેંચણી ''પ્રો-રેટા'' બેઈઝ અથવા પોલીટેકનીક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની કેન્દ્રિય પ્રવેશ સમિતિ નક્કી કરે તે પ્રમાણે કરવામાં આવશે. | |
| ૩. | બે અથવા વધારે ઉમેદવારના મેરીટ માર્કસ એક સરખા થશે તો તેઓનું મેરીટ લિસ્ટ નીચે પ્રમાણેના વિષયોના ગુણ / વયની ક્રમશઃ સરખામણી કરી બનાવવામાં આવશે : | |
| | I | જે ઉમેદવારે SSCમાં વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય |
| | II | જે ઉમેદવારે SSCમાં ગણિત વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય |
| | III | જે ઉમેદવારે SSCમાં અંગ્રેજી વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય |
| | IV | જે ઉમેદવારની વય વધારે હોય |

**૭.૦ પ્રવેશ માટે રૂબરૂ કાઉન્સેલિંગ :**

(૧) પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારને મેરીટ લિસ્ટના આધારે રૂબરૂ કાઉન્સેલિંગ માટે બોલાવવામાં આવશે.

(૨) જે ઉમેદવારને પ્રવેશ મળ્યો હોય તેણે નક્કી કરેલ સમય મર્યાદામાં પોલીટેકનીક ખાતે પોતાના તમામ અસલ પ્રમાણપત્રો, દસ્તાવેજો, માર્કશીટ વગેરે (તેની પ્રમાણિત નકલોના બે સેટ સહિત) રૂબરૂ હાજર થઇ વેરીફિકેશન કરાવવાના રહેશે.

(૩) વેરીફિકેશન દરમ્યાન જે ઉમેદવારના દસ્તાવેજો સાચા માલુમ પડશે તેમણે રજીસ્ટ્રેશન કરાવી, યુનિવર્સિટીના વિદ્યાર્થી તરીકે નોંધણી કરાવવાની રહેશે. તેમ કરવામાં નિષ્ફળ જનાર ઉમેદવારનો પ્રવેશ આપોઆપ રદ થશે અને તેની ખાલી પડેલ જગ્યાએ મેરીટનાં ધોરણે અન્ય ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે.

(૪) પ્રત્યેક ટ્રાયલના ત્રણ ટકા ગુણ કુલ મેળવેલ ગુણમાંથી બાદ કરવામાં આવશે. ત્રણથી વધુ ટ્રાયલે પાસ થયેલા વિધાર્થીને પ્રવેશ આપવામાં આવશે નહી.

**૮.૦ પોલીટેકનીક ખાતે હાજર થવું :**

પ્રવેશ માટે પસંદગી પામેલ ઉમેદવાર પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરાયેલ તારીખ દરમ્યાન જે-તે પોલીટેકનીક ખાતે હાજર થયેથી યુનિવર્સિટીના વિદ્યાર્થી બનશે. જેની પ્રક્રિયા નીચે મુજબની છે.

**૮.૧** પ્રવેશ સમયે **ફીની** રકમ **જમા** કરાવ્યાની પહોંચ નીચે દર્શાવેલ અસલ પ્રમાણપત્રો તથા તેની ખરી નકલોના બે સેટ સહિત રૂબરૂમાં જે-તે પોલીટેકનીકના આચાર્ય પાસે ચકાસણી અર્થે સમયમર્યાદામાં રજુ કરવા અને કોઈપણ વિદ્યાર્થીએ અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવ્યા બાદ **પોલીટેકનીક ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના નથી.**

I. SSC ધોરણ-૧૦ ની માર્કશીટ

II. શાળાના આચાર્ય દ્વારા આપવામાં આવેલ ટ્રાયલ સર્ટિફિકેટ

III. અનુસુચીત જાતિ / અનુસુચીત જનજાતિના ઉમેદવારે જાતિ અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

IV. સા.શૈ.પ.વ. ના ઉમેદવારે "ઉન્નતવર્ગમાં સમાવિષ્ટ થતાં નથી" તે મતલબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ) રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવાનો છે તે વર્ષની તા. ૧/૪/૨૦૧૭ અથવા માન્ય મુદતનું હોવું જોઈએ અન્યથા તેઓને સા.શૈ.પ.વ.ની અનામત બેઠક પર પ્રવેશ મળી શકશે નહી. (ગુજરાત રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તારીખ ૨૬/૪/૨૦૧૬ની જોગવાઈ મુજબ). ગુજરાત રાજ્યના વતની હોવાનું પ્રમાણપત્ર. (જો લાગુ પડતું હોઈ તો)

V. દિવ્યાંગતા અંગેનું સરકારી હોસ્પીટલના સક્ષમ અધિકારી (સિવિલ સર્જન અથવા સુપ્રિટેન્ડન્ટ)નું પ્રમાણપત્ર.

VI. પારસી જાતીના હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર.

VII. આંતરરાષ્ટ્રીય / રાષ્ટ્રીય / રાજ્ય કક્ષાએ રમત-ગમતમાં ભાગ લીધેલ હોય અને / અથવા જીતેલ ક્રમાંકનું પ્રમાણપત્ર.

VIII. સેનાના કર્મચારી / નિવૃત્ત સેના કર્મચારીનું પ્રમાણપત્ર.

IX. ત્રણ પાસપોર્ટ સાઇઝના ફોટા

**નોંધ :** * જો નોંધણી સમયે, ઉમેદવારે કોઈ ખોટી મહિતી આપેલ છે, તેવું માલુમ પડશે તો પ્રવેશ માટેની તેની ઉમેદવારી રદ થશે અને તેણે ભરેલી ફી નિયમોનુસાર જપ્ત થશે તથા જરૂર જણાયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

* પોલીટેકનીક ખાતે અંતિમ ચકાસણી સમયે જે ઉમેદવારોના પ્રમાણપત્રો સાચા જણાશે તેમનો પ્રવેશ યુનિવર્સિટીમાં માન્ય ગણાશે.

**૮.૨** જો ઉમેદવાર એડમીશન મેમોમાં દર્શાવેલ સમયમર્યાદામાં પોલીટેકનીક ખાતે હાજર થશે નહી તો તેનો પ્રવેશ આપો-આપ રદ થશે.

**૮.૩** જે-તે પોલીટેકનીક ખાતે અભ્યાસક્રમનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત રહેશે.

**૮.૪** જે-તે પોલીટેકનીક ખાતે ઓરીએન્ટેશન કાર્યક્રમમાં હાજર રહેવું ફરજીયાત રહેશે.

**૮.૫** જો ઉમેદવાર અસાધારણ સંજોગો (આધાર રજૂ કરવાનાં રહેશે)ના કારણે સમયમર્યાદામાં પ્રમાણપત્રો ચકાસણી માટે ન લાવી શકે તેમ હોય અથવા રૂબરૂમાં હાજર થઇ શકે તેમ ન હોઈ તો, તે અન્ય કોઇ વ્યકિત મારફતે સામેલ ઓથોરીટી લેટર મુજબની અરજી આપી, પ્રમાણપત્રો ચકાસણી કરાવી અને ફી ભરી હંગામી રજીસ્ટ્રેશન કરાવી શકશે. હંગામી રજીસ્ટ્રેશન કરાવનાર ઉમેદવારે કોર્સ શરૂ થયાના એક અઠવાડીયામાં બાકીની વિધી પુરી કરવાની રહેશે. અન્યથા તેઓનો પ્રવેશ આપો-આપ રદ થશે.

**૮.૬** પ્રવેશ મેળવ્યા બાદ ઉમેદવારને યુનિવર્સિટી દ્વારા રજીસ્ટ્રેશન નંબર આપવામાં આવશે. જે તેના દરેક એકેડેમિક રેકર્ડ માટે ઉપયોગમાં લેવાનો રહેશે.

**૮.૭** પ્રવેશ મેળવેલ દરેક વિદ્યાર્થીને સંબંધિત પોલીટેકનીકના આચાર્યશ્રી દ્વારા અધિકૃત કરેલ ઓળખપત્ર આપવામાં આવશે. જે પોતાની પાસે રાખવાનું રહેશે અને જરૂર પડ્યે રજુ કરવાનું રહેશે. જો ઓળખપત્ર ખોવાઈ જાય તો જરૂરી ફી ભર્યેથી નવું મેળવી શકાશે.

**૯.૦ ફીનું ધોરણ :**

**૯.૧** કામધેનુ યુનિવર્સિટીની પોતાની અંગભૂત (Constituent) પોલીટેકનીકમાં ફીનું માળખું

**(A) પોલીટેકનીક ડિપ્લોમા ઇન એનિમલ હસબન્ડરી, હિંમતનગર**

| **ક્રમ** | **ફી / ડીપોઝીટ** | **રકમ (રૂ.)** | |
|---|---|---|---|
| | | **ભાઇઓ** | **બહેનો** |
| **A** | **તમામ નવા વિધાર્થીઓએ પ્રથમ રજીસ્ટ્રેશન વખતે ચૂકવવા પાત્ર ફી અને ડીપોઝીટ** | | |
| ૧. | કોશન મની ડીપોઝીટ | ૧૦૦ | ૧૦૦ |
| ૨. | હોસ્ટેલ ડીપોઝીટ | ૧૦૦ | ૧૦૦ |
| ૩. | મેસ ડીપોઝીટ | *** | *** |
| ૪. | ઈલેક્ટ્રિક ચાર્જ | ૧૦૦ | ૧૦૦ |
| ૫. | ઓળખપત્ર ફી | ૩૦ | ૩૦ |
| ૬. | થેલેસેમીયા ટેસ્ટ ફી | ૧૫૦ | ૧૫૦ |
| | **TOTAL A** | **૪૮૦** | **૪૮૦** |
| **B.** | **દરેક એકી સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | |
| ૧. | યુનિવર્સિટી મેડીકલ ટેસ્ટ | ૨૦ | ૨૦ |
| ૨. | મેગેઝીન | ૫૦ | ૫૦ |
| ૩. | સ્ટુડન્ટ એઈડ ફંડ | ૨૦ | ૨૦ |
| ૪. | જનરલ એમીનિટી | ૧૦ | ૧૦ |
| | **TOTAL B** | **૧૦૦** | **૧૦૦** |
| **C.** | **દરેક સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | |
| ૧. | રજીસ્ટ્રેશન | ૧૦ | ૧૦ |
| ૨. | શિક્ષણ | ૨૦૦ | - |
| ૩. | લાઈબ્રેરી | ૨૦ | ૨૦ |
| ૪. | પરીક્ષા | ૫૦ | ૫૦ |
| ૫. | જીમખાના | ૧૦ | ૧૦ |
| ૬. | સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | ૨૦ | ૨૦ |
| ૭. | પ્રયોગશાળા | ૨૦ | ૨૦ |
| ૮. | હોસ્ટેલ | ૫૦ | - |
| ૯. | માર્કશીટ, પ્રમાણપત્ર, ટ્રાન્સક્રિપ્ટ | ૫૦ | ૫૦ |
| | **TOTAL C** | **૪૩૦** | **૧૮૦** |
| | **Total A + B + C =** | **૧૦૧૦** | **૭૬૦** |

| D. | અન્ય પ્રકારની ફી (જરૂરીયાત પ્રમાણે) | | |
|---|---|---|---|
| ૧ | પ્રોવિઝનલ પદવી પ્રમાણપત્ર | ૧૦૦ | ૧૦૦ |
| ૨ | ટ્રાન્સક્રિપ્ટ (ફક્ત છેલ્લા સેમેસ્ટર માટે) | ૨૦૦ | ૨૦૦ |
| ૩ | સ્થળાંતર પ્રમાણપત્ર | ૨૦૦ | ૨૦૦ |
| ૪ | ડુપ્લીકેટ સ્થળાંતર પ્રમાણપત્ર | ૨૦૦ | ૨૦૦ |
| ૫ | પદવી પ્રમાણપત્ર | | |
| | પદવીદાન સમાંરભમાં હાજર રહીને | ૫૦૦ | ૫૦૦ |
| | પદવીદાન સમાંરભમાં ગેરહાજર રહીને | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૬ | ડુપ્લીકેટ પદવી પ્રમાણપત્ર | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૭ | પુનઃ નોધણી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૮ | ડુપ્લીકેટ ગુણપત્રક | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | ડુપ્લીકેટ ટ્રાન્સક્રિપ્ટ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | ગ્રેડ વેરીફીકેશન | ૨૦૦ | ૨૦૦ |
| ૧૧ | પ્રોવીઝનલ પ્રમાણપત્ર | ૫૦ | ૫૦ |
| ૧૨ | ડુપ્લીકેટ ઓળખપત્ર ફી | ૩૦ | ૩૦ |

**નોંધ :** ૧. ભારતીય નાગરીકત્વ ધરાવતી વિદ્યાર્થિનીઓ માટે શિક્ષણ અને હોસ્ટેલ ફી માફી છે.

૨. ***A(૩) માં દર્શાવેલ ફી સ્થાનિક પરિસ્થિતિ મુજબ બદલાશે. જે પોલીટેકનીક ખાતે લેવામાં આવશે.

૩. ઉકત ફીનું માળખુ પશુપાલન પોલીટેકનીક, હિંમતનગર ને જ લાગુ પડશે.

**(B) પોલિટેકનીક ડિપ્લોમા ઇન એનીમલ હસબન્ડરી, સંલગ્ન (Affiliated) પોલીટેકનીકો માટે ફીનું માળખું**

| **ક્રમ** | **ફી / ડીપોઝીટ** | **રકમ (રૂ.)** | |
|---|---|---|---|
| | | **ફી સીટ** | **મેનેજમેન્ટ સીટ** |
| **A.** | **તમામ નવા વિધાર્થીઓએ પ્રથમ રજીસ્ટ્રેશન વખતે ચૂકવવા પાત્ર ફી અને ડીપોઝીટ** | | |
| ૧. | કોશન મની ડીપોઝીટ | - | - |
| ૨. | હોસ્ટેલ ડીપોઝીટ | * | * |
| ૩. | મેસ ડીપોઝીટ | # | # |
| ૪. | ઈલેક્ટ્રિક ચાર્જ | @ | @ |
| ૫. | ઓળખપત્ર ફી | ૩૦ | ૩૦ |
| ૬. | થેલેસેમીયા ટેસ્ટ ફી | ૧૫૦ | ૧૫૦ |
| | **TOTAL A** | ૧૮૦ | ૧૮૦ |

| | | | |
|---|---|---|---|
| **B.** | **દરેક એકી સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | |
| ૧. | યુનિવર્સિટી મેડીકલ ટેસ્ટ | ૨૦ | ૨૦ |
| ૨. | મેગેઝીન | ૫૦ | ૫૦ |
| ૩. | સ્ટુડન્ટ એઈડ ફંડ | ૨૦ | ૨૦ |
| ૪. | જનરલ એમીનિટી | ૧૦ | ૧૦ |
| | **TOTAL B** | **૧૦૦** | **૧૦૦** |
| **C.** | **દરેક સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | |
| ૧. | રજીસ્ટ્રેશન | ૨૦ | ૨૦ |
| ૨. | શિક્ષણ | ૧૪૧૯૫ | ૪૬૬૮૦ |
| ૩. | લાઈબ્રેરી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૪. | પરીક્ષા | ૫૦ | ૫૦ |
| ૫. | જીમખાના | ૧૦ | ૧૦ |
| ૬. | સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | ૨૦ | ૨૦ |
| ૭. | પ્રયોગશાળા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૮. | હોસ્ટેલ | ** | ** |
| ૯. | માર્કશીટ, પ્રમાણપત્ર, ટ્રાન્સક્રિપ્ટ | ૫૦ | ૫૦ |
| | **TOTAL C** | **૧૭૩૪૫** | **૪૯૮૩૦** |
| | **Total A + B + C =** | **૧૭૬૨૫** | **૫૦૧૧૦** |
| **D.** | **અન્ય પ્રકારની ફી (જરૂરીયાત પ્રમાણે)** | | |
| ૧ | પ્રોવિઝનલ પદવી પ્રમાણપત્ર | ૧૦૦ | ૧૦૦ |
| ૨ | ટ્રાન્સક્રિપ્ટ (ફક્ત છેલ્લા સેમેસ્ટર માટે) | ૨૦૦ | ૨૦૦ |
| ૩ | સ્થળાંતર પ્રમાણપત્ર | ૨૦૦ | ૨૦૦ |
| ૪ | ડુપ્લીકેટ સ્થળાંતર પ્રમાણપત્ર | ૨૦૦ | ૨૦૦ |
| ૫ | પદવી પ્રમાણપત્ર | | |
| | પદવીદાન સમાંરભમાં હાજર રહીને | ૫૦૦ | ૫૦૦ |
| | પદવીદાન સમાંરભમાં ગેરહાજર રહીને | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૬ | ડુપ્લીકેટ પદવી પ્રમાણપત્ર | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૭ | પુનઃ નોધણી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૮ | ડુપ્લીકેટ ગુણપત્રક | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | ડુપ્લીકેટ ટ્રાન્સક્રિપ્ટ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | ગ્રેડ વેરીફીકેશન | ૨૦૦ | ૨૦૦ |
| ૧૧ | પ્રોવીઝનલ પ્રમાણપત્ર | ૫૦ | ૫૦ |
| ૧૨ | ડુપ્લીકેટ ઓળખપત્ર ફી | ૩૦ | ૩૦ |

નોંધ :

૧) *, #, @ : A (૨, ૩, ૪) હોસ્ટેલ ડિપોઝીટ, મેસ ડિપોઝીટ તથા ઈલેક્ટ્રિક ડિપોઝીટ સંબંધિત સંસ્થાઓના નિયમ મુજબ રહેશે પરંતુ તમામ ડિપોઝીટ મળી કુલ મર્યાદા રૂ. ૫૦૦૦/- થી વધુ લઈ શકાશે નહિ.

૨) **C (૮) હોસ્ટેલ ફી તથા મેસ ફી સંબંધિત સંસ્થાઓના નિયમ મુજબ રહેશે.

૩) હોસ્ટેલમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ જ હોસ્ટેલ, ઈલેક્ટ્રિક ડિપોઝીટ તથા મેસ ડિપોઝીટ ભરવાની રહેશે.

૪) **ઉપર જણાવ્યા સિવાય કોઈપણ પ્રકારની વધારાની ફી સંસ્થા ખાતે ભરવાની રહેશે નહીં.**

**ફી પરત**

| | |
|---|---|
| ૧. | ઉમેદવારે જો પ્રવેશ મેનેજમેન્ટ ક્વોટામાં મેળવેલ હોય અને ફરી ફ્રી બેઠક પર પ્રવેશ મેળવે તો ઉમેદવારને રૂપિયા ૧૦૦૦ પ્રોસેસિંગ ફી બાદ કરી બાકીની ફી પરત કરવાની રહેશે. |
| ૨. | ઉમેદવારે સંલગ્ન પોલિટેકનીકની ફ્રી બેઠક પર પ્રવેશ મેળવેલ હોઈ અને ત્યારબાદ ઉમેદવારને યુનિવર્સિટીની અંગભૂત પોલિટેકનીકની ફ્રી બેઠક પર પ્રવેશ મેળવે તો ઉમેદવારને રૂપિયા ૧૦૦૦ પ્રોસેસિંગ ફી બાદ કરી સંસ્થાએ બાકીની ફી પરત કરવાની રહેશે. |
| ૩. | ઉમેદવારે કામધેનુ યુનિવર્સિટીની અંગભૂત કે સંલગ્ન પોલીટેકનીકમાં પ્રવેશ મેળવી અને પછી રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓની કોઈ પણ પોલિટેકનીકમાં પ્રવેશ મેળવે તો સંસ્થાએ ઉમેદવારની રૂપિયા ૫૦૦ પ્રોસેસિંગ ફી બાદ કરી બાકીની ફી પરત કરવાની રહેશે. |
| ૪. | અંગભૂત કે સંલગ્ન પોલીટેકનીકમાંથી પોતાનો પ્રવેશ રદ કરવા ઈચ્છતા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયાનું જાહેર થયાનાં ૧૫ દિવસ બાદ તેમણે ભરેલ ફી પરત મળશે નહી. |

## ૧૦.૦ ફી જપ્તી અને અને પ્રવેશ યાદીમાંથી નામ રદ થવું :

જો કોઈ ઉમેદવારના પ્રમાણપત્ર, દસ્તાવેજ કે માહિતી ચકાસણી દરમ્યાન, પ્રવેશ પ્રક્રીયા દરમ્યાન કે પ્રવેશ બાદ ખોટી જણાશે તો, આવા ઉમેદવારનો પ્રવેશ રદ થશે અને ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ ફી જપ્ત થશે.

## ૧૧.૦ અભ્યાસક્રમની સામાન્ય માહિતી :

(૧) તમામ પોલીટેકનીક અભ્યાસક્રમોમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી ભાષા છે.

(૨) જે તે વિષયનો અભ્યાસક્રમ, તેના વિષયો, વિનિયમો, પરીક્ષા વગેરેને લગતી તમામ માહિતી જે તે પોલીટેકનીકના આચાર્ય પાસેથી મેળવી શકાશે. જેમાં જરૂર પડ્યે સુધારા-વધારા કરવાની સત્તા યુનિવર્સિટીના સત્તાધીશોને અબાધિત રહેશે. યુનિવર્સિટી તેની પોલીટેકનીકમાં કેટેગરી વાઈઝ ઓછામાં ઓછી પ્રવેશ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે પુર્ણ સમયના ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો ચલાવે છે. સક્ષમ અધિકારી દ્વારા છૂટછાટ અપાયેલ હોય અથવા હોસ્ટેલ ફાળવેલ ન હોય તે સિવાયના દરેક વિદ્યાર્થીએ યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેવું ફરજિયાત છે.

## ૧૨.૦ એન્ટિ રેગીંગ :

યુનિવર્સિટીની તમામ પોલીટેકનીકોમાં એન્ટિ રેગીંગ કમિટિ કાર્યરત છે. જો કોઇ વિદ્યાર્થી રેગીંગ કરતો જણાશે તો તેને યોગ્ય સજા કરવામાં આવશે. રેગીગ કરનાર વિદ્યાર્થી સામે એફ.આઇ.આર. (FIR) દાખલ કરી શકાશે. રેગીગનો ભોગ બનનાર વિદ્યાર્થી એન્ટિ રેગીગ કમિટિના ચેરમેન અથવા જે તે ફેકલ્ટીના ડીનનો સંપર્ક કરી શકશે.

**૧૩.૦ વિદ્યાર્થિનીઓને હેરાનગતિ બાબત :**

વિદ્યાર્થિનીઓને હેરાન કરતા તત્ત્વો વિરુધ્ધ ફરિયાદ કરવા માટે યુનિવર્સિટીમાં મહિલા ફરીયાદ સેલ સ્થાપવામાં આવેલ છે. જો કોઈપણ વિદ્યાર્થી કન્યાઓ કે મહિલાઓને હેરાન કરતાં જણાશે તો તેને યોગ્ય સજા કરવામાં આવશે.

**૧૪.૦ ડિસ્ક્લેમર :**

આ માહિતી પુસ્તિકામાં આપવામાં આવેલ નિવેદન કે માહિતી છાપતી વખતે અમારી જાણ મુજબ બરાબર છે. આ માહિતી પુસ્તિકામાં આપેલ વિદ્યાર્થીઓની શિસ્તના નિયમો, ડિપ્લોમા અભ્યાસક્રમના નિયમો, ફી કે અન્ય કોઈપણ નિવેદન / માહિતી / વિનિયમો વગેરે કોઈપણ જાતની જાણ કર્યા સિવાય બદલવાની, ઘટાડવાની, વધારવાની, તેમાં સુધારા-વધારા કરવાની, ફેરફાર કરવાની અબાધિત સત્તા યુનિવર્સિટીની રહેશે. પ્રવર્તમાન વિનિયમો, તેને બદલવાથી કે અન્ય કોઈપણ રીતે વિદ્યાર્થીને અભ્યાસ દરમ્યાન કોઈ મુશ્કેલી પડે, તે માટે વિદ્યાર્થી કે અન્ય વ્યક્તિને કોઈ ખર્ચ થાય કે કંઈ પણ નુકશાન કે ખોટ જાય તો તેની કોઈપણ પ્રકારની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહી.

**૧૫. પ્રવેશ ક્ષમતા (કેટેગરી પ્રમાણે) :** કામધેનુ યુનિવર્સિટીમાં ચાલતા ધોરણ-૧૦ પછીના ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમની પ્રવેશ ક્ષમતા અને સીટ મેટ્રીક્ષ :

| ક્રમ | કોલેજ | ફી/મેનેજમેન્ટ બેઠકો*** | કુલ બેઠકો | અન્ય બોર્ડ | કુલ ઓપન બેઠકો | જનરલ (૫૦%) | અનુસુચિત જાતિ (૭%) | અનુસુચિત જનજાતિ (૧૫%) | સા.શૈ.પ.વ. (૨૭%) | સેનાના કર્મચારી/ એક્સ આર્મી મેન (૧%) | દીવ્યાંગ (૫%) # | પારસી જાતિ (વધારાની) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અંગભૂત પોલીટેકનીક | | | | | | | | | | | |
| ૧ | પોલીટેકનીક ઈન એનીમલ હસ્બન્ડરી, હસ્બન્ડરી, રાજપુર(નવા), હિંમતનગર | ફી | ૫૦ | ૨ | ૪૮ | ૨૪ | ૦૩ | ૦૭ | ૧૩ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | સંલગ્ન પોલીટેકનીકો | | | | | | | | | | | |
| ૨ | પોલીટેકનીક ઈન એનીમલ હસ્બન્ડરી, | ફી | ૩૮ | ૨ | ૩૬ | ૧૮ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | મુ.ખડસલી, જિ.અમરેલી | મેનેજમેન્ટ | ૧૨ | - | - | - | - | - | - | - | - | - |
| ૩ | રિધ્ધી પોલીટેકનીક ઈન એનીમલ | ફી | ૩૮ | ૨ | ૩૬ | ૧૮ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | હસ્બન્ડરી, મોતીપુરા, હિંમતનગર | મેનેજમેન્ટ | ૧૨ | - | - | - | - | - | - | - | - | - |
| ૪ | કેશવમ પોલીટેકનીક ઈન એનીમલ | ફી | ૩૮ | ૨ | ૩૬ | ૧૮ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | હસ્બન્ડરી, મુ.છાપી | મેનેજમેન્ટ | ૧૨ | - | - | - | - | - | - | - | - | - |
| ૫ | વૃંદાવનપોલીટેકનીક ઈન એનીમલ | ફી | ૩૮ | ૨ | ૩૬ | ૧૮ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | હસ્બન્ડરી, મુ.જસદણ | મેનેજમેન્ટ | ૧૨ | - | - | - | - | - | - | - | - | - |
| ૬ | નવસર્જન પોલીટેકનીક ઈન એનીમલ | ફી | ૩૮ | ૨ | ૩૬ | ૧૮ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | હસ્બન્ડરી, મુ.રણછોડપુરા, તા.વિજાપુર | મેનેજમેન્ટ | ૧૨ | - | - | - | - | - | - | - | - | - |
| ૭ | જી.વિ.એમ.પોલીટેકનીક ઈન એનીમલ | ફી | ૩૮ | ૨ | ૩૬ | ૧૮ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | હસ્બન્ડરી, મુ.અણીયાદ, તા.શહેર | મેનેજમેન્ટ | ૧૨ | - | - | - | - | - | - | - | - | - |
| ૮ | નોબલ પોલીટેકનીક ઈન એનીમલ | ફી | ૩૮ | ૨ | ૩૬ | ૧૮ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૧ | ૦૨ | ૦૧ |
| | હસ્બન્ડરી, જિ.જૂનાગઢ | મેનેજમેન્ટ | ૧૨ | - | - | - | - | - | - | - | - | - |

**નોંધ :**

*** મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો જનરલ મેરિટના ધોરણે પોલીટેકનીકો પોતાની રીતે ભરશે. આ માટે સંબધિત પોલીટેકનીકનો સંપર્ક કરવાનો રહેશે.

# ગુજરાત રાજ્યના દિવ્યાંગ ઉમેદવારો માટે ૫% બેઠકો અનામત રાખવામાં આવેલ છે અને જે તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે.

ઉપરોક્ત પ્રવેશ ક્ષમતા ઉપરાંત નીચે મુજબની વધારાની બેઠકો રહેશે.

(i) ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો માટે યુનિવર્સિટીની દરેક પોલીટેકનીકમાં વધારાની એક બેઠક.



**છેલ્લામાં છેલ્લી માહિતી માટે www.ku-guj.org વેબસાઈટની મુલાકાત લો**

KAMDHENU UNIVERSITY
सर्वभूतहिते रताः


## કામધેનુ યુનિવર્સિટી

**કર્મયોગી ભવન, બ્લોક-૧, વીંગ બી-૧, ચોથો માળ,**
**સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦**